રિક્ષા ચાલકને લોહીલુહાણ કરી સોનાની ચેઈન ઝૂંટવી લીધી

# પાદરામાં ખાખીનો ખોફ ઓગળ્યો, બુટલેગરોની 'ગેંગવોર' જેવી દાદાગીરી

**તું SMCનો** માણસ છે કહી રાયપુરા અને જાસપુરના 6 બુટલેગરોએ આતંક મચાવ્યો, પોલીસ અમારું કંઈ નહીં કરી શકે તેવી ખુલ્લી ધમકીથી ફફડાટ

**ઈજાગ્રસ્ત** રિક્ષા ચાલકને સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.4

પાદરા પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ લાગી રહ્યું છે. દારૂના વેપલામાં રોકાયેલા અસામાજિક તત્વો હવે સામાન્ય નાગરિકો પર જીવલેણ હુમલા કરતા પણ અચકાતા નથી. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ના બાતમીદાર હોવાની મનઘડંત શંકા રાખીને પાદરાના એક નિર્દોષ રિક્ષા ચાલક પર 6 જેટલા બુટલેગરોએ તૂટી પડી, તેને ઢોર માર મારી લૂંટ ચલાવતા પંથકમાં સનસનાટી મચી ગઈ છે. ઘટનાની વિગતો એવી છે કે, મહેશભાઈ માળી નામનો યુવક પોતાની રિક્ષા લઈને વ્યવસાય અર્થે જઈ રહ્યો હતો. આ દરમિયાન રાયપુરા અને જાસપુર વિસ્તારના કુખ્યાત બુટલેગરોએ તેમની રિક્ષાને રસ્તામાં આંતરી હતી. રિક્ષા ઊભી રખાવતાની સાથે જ આરોપીઓએ મહેશભાઈ પર પસ્તાળ પાડી હતી અને બૂમો પાડી હતી કે, તું બહુ મોટો બાતમીદાર થઈ ગયો છે ? અમારી હિલચાલની ખબર તું ગાંધીનગર SMC ને પહોંચાડે છે, આજે તને જીવતો નહીં છોડીએ. આરોપીઓએ મહેશભાઈને રિક્ષામાંથી બહાર ખેંચી કાઢી રસ્તા પર પછાડ્યા હતા. લાકડીઓ અને બોથડ પદાર્થો વડે કરાયેલા આ હુમલામાં મહેશભાઈ લોહીલુહાણ થઈ ગયા હતા. હુમલાખોરો આટલેથી જ ન અટકતા, તેમણે મહેશભાઈના ગળામાંથી 1 તોલાની સોનાની ચેઈન તોડી લીધી હતી અને ખિસ્સામાં રહેલા 1,500 ની લૂંટ ચલાવી હતી. ધોળા દિવસે થયેલા આ હુમલાને પગલે આસપાસના લોકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો. પોલીસ ફરિયાદના આધારે હુમલામાં મહેશ, ચિરાગ, ધનિક, અજય, સંતોષ નામના શખ્સો સામેલ હોવાનું જાણવા મળ્યું છે. હાલ ઈજાગ્રસ્ત મહેશભાઈને સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા છે. ત્યારે પાદરાની જનતામાં એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે, શું પોલીસ આ ગુંડાતત્વો સામે કડક PASA હેઠળ કાર્યવાહી કરશે ? શું લૂંટાયેલી સોનાની ચેઈન પરત મળશે ? જો પોલીસ આ વખતે ઢીલી નીતિ અપનાવશે, તો બુટલેગરોનો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચશે તે નક્કી છે.

## આમોદના મચ્છી માર્કેટ વિસ્તારમાં રખડતી ગાયે બકરાને મારી નાખ્યો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.4

ભરૂચ જિલ્લાના આમોદ શહેરના વોર્ડ નંબર-4માં સવારે રખડતા પશુઓના આતંકને કારણે એક નિર્દોષ બકરાનું મોત નીપજ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સ્થાનિક રહીશ ગીતાબેનના પરિવારે માતાજીની બાધા પૂરી કરવા માટે વ્યાજે રૂપિયા લાવીને એક બકરો લાવ્યો હતો, પરંતુ સાંજે ધાર્મિક વિધિ થાય તે પહેલાં જ ફળિયામાં ઘૂસી આવેલી એક રખડતી ગાયે અચાનક હુમલો કરી બકરાને ભેટી મારી ઘટનાસ્થળે જ મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ભય અને રોષનો માહોલ ફેલાઈ ગયો છે. સ્થાનિક રહીશોએ મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવતા આમોદ નગરપાલિકાની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે. લોકોનું કહેવું છે કે રખડતા પશુઓનો ત્રાસ વર્ષોથી યથાવત છે અને નગરપાલિકા દ્વારા કોઈ અસરકારક પગલાં લેવામાં આવતા નથી. આજે ગાયના હુમલામાં બકરાનું મોત થયું છે, પરંતુ કાલે જો કોઈ નિર્દોષ બાળક કે વૃદ્ધ આ પશુઓનો શિકાર બનશે તો તેની જવાબદારી કોણ લેશે, પશુમાલિકો કે નગરપાલિકા? ભૂતકાળમાં પણ નગરમાં અનેક લોકો રખડતા પશુઓના હુમલામાં ઈજાગ્રસ્ત થઈને હોસ્પિટલ પહોંચ્યા હોવા છતાં, તંત્ર દ્વારા સમસ્યા ઉકેલવા કડક કાર્યવાહીનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે.

અકસ્માતમાં સદનસીબે તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો

# ડભોઈની થરવાસા ચોકડી પાસે કન્ટેનર અને ઈકો કાર વચ્ચે સર્જાયો અકસ્માત

ભારે વાહનોના કારણે થરવાસા ચોકડી ફરી રક્તરંજિત થતા રહી ગઈ, કારને ભારે નુકશાન



(પ્રતિનિધિ), વડોદરા. તા.4

વડોદરા જિલ્લાના ડભોઈ પંથકમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. આજે ડભોઈ-વડોદરા માર્ગ પર આવેલી વ્યસ્ત એવી થરવાસા ચોકડી પાસે એક કન્ટેનર અને ઈકો કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતે લોકોના જીવ અધ્ધર કરી દીધા હતા. પૂરપાટ ઝડપે ધસી આવેલા કન્ટેનરે ઈકો કારને જોરદાર ટક્કર મારતા કારનો કન્ડક્ટર સાઈડનો ભાગ પડીકું વળી ગયો હતો. જોકે, આ ઘટનામાં કુદરતી કરિશ્મા જોવા મળ્યો હતો, જેમાં કારમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થયો છે.

મળતી માહિતી મુજબ, ડભોઈની થરવાસા ચોકડી પરથી જ્યારે ઈકો કાર પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક બેફામ ગતિએ આવતા એક કન્ટેનરના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને ઈકો કાર સાથે ધડાકાભેર અથડાયું હતું. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો એક તરફનો હિસ્સો સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. અકસ્માત થતા જ આસપાસના ગ્રામજનો અને અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ઘટનાને પગલે હાઈવે પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. મુખ્ય માર્ગ પર જ અકસ્માત સર્જાયો હોવાથી હાઈવેની બંને તરફ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી અને ટ્રાફિક જામ રહેતા વાહનચાલકો અટવાયા હતા. ઘટનાની જાણ થતા જ ડભોઈ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. થરવાસા ચોકડી પાસે અવારનવાર સર્જાતા અકસ્માતોને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બેફામ દોડતા ભારે વાહનો અને ઓવરસ્પીડિંગને કારણે નિર્દોષ વાહનચાલકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા અહીં ટ્રાફિક નિયમન માટે નક્કર પગલાં ભરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

વધુ માહિતી માટે યાત્રીઓને વેબસાઈટ પર જઈને અવલોકન કરવા જણાવાયું

# કઠાણા-વડોદરા ડેમૂનું પ્રતાપનગર સુધી વિસ્તરણ, વડોદરા - બાજવા સ્ટેશનના સમયમાં ફેરફાર


( પ્રતિનિધિ )વડોદરા,તા.4

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા વડોદરા - કઠાણા - વડોદરા ડેમૂ ટ્રેનનું પ્રતાપનગર સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે તથા આ ટ્રેનમાં વડોદરા અને બાજવા સ્ટેશનના સમયમાં થોડોક ફેરફાર કરવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા મુજબ, આ ડેમૂ સર્વિસ પોતાની નિયમિત સેવામાં કઠાણાથી પ્રતાપનગર વચ્ચે સંચાલિત થશે. જે પોતાની નિયમિત સેવારૂપે 5 એપ્રિલ, 2026થી સપ્તાહમાં 6 દિવસ (શનિવાર સિવાય) આ ડેમૂ ટ્રેન કઠાણા - પ્રતાપનગર વચ્ચે સંચાલિત થશે. ટ્રેન નંબર 79440 કઠાણા - પ્રતાપનગર ડેમૂ કઠાણાથી 05:15 કલાકે પ્રસ્થાન કરીને 09:50 કલાકે પ્રતાપનગર પહોંચશે. પરતમાં ટ્રેન નંબર 79439 પ્રતાપનગર - કઠાણા ડેમૂ પ્રતાપનગરથી બપોરે 16:35 કલાકે પ્રસ્થાન કરી રાત્રે 21:00 કલાકે કઠાણા પહોંચશે. ટ્રેન નં. 79440 કઠાણા - પ્રતાપનગર સ્ટેશન ટ્રેન નં. 79439, પ્રતાપનગર - કઠાણા જે 09:50 – પ્રતાપનગર – 16:35 ,09:23 09:25 , વડોદરા 16:53 16:55, 09:00 09:01 બાજવા 17:09 17:10, – 05:15 કઠાણા 21:00 , રેલવે યાત્રીઓને જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે અને ટ્રેનોના સંચાલન સમય, રોકાણ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રીઓને વેબસાઈટ પર જઈને અવલોકન કરવા જણાવાયું છે.

ઓફિસે પહોંચેલા ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળ્યો

# વડોદરા ગેસ ઓફિસને પૂર્વ સૂચના વિના જ તાળાં, ઉનાળાની ગરમીમાં લોકો અટવાયા

**મુખ્ય ઓફિસ** બંધ પણ વોર્ડ ઓફિસમાં બિલ પેમેન્ટ અને નવા ફોર્મની કામગીરી ચાલુ હોવાનો સત્તાધીશોનો પક્ષ




(પ્રતિનિધિ), વડોદરા. તા.4

વડોદરામાં રસોઈ ગેસ પૂરો પાડતી સંસ્થા વડોદરા ગેસ લિમિટેડ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. આજે વહેલી સવારથી જ ગેસ કચેરીએ પોતાના પ્રશ્નો લઈને પહોંચેલા ગ્રાહકોને ત્યારે મોટો ઝટકો લાગ્યો જ્યારે તેઓએ કચેરીના મુખ્ય ગેટ પર તાળાં લટકેલા જોયા. કોઈપણ પ્રકારની પૂર્વ જાણકારી કે અખબારી યાદી વગર અચાનક જ કચેરી બંધ કરી દેવાતા ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. શહેરના દૂર-દૂરના વિસ્તારોમાંથી રિક્ષા ભાડા ખર્ચીને અને ઓફિસમાંથી રજા પાડીને આવેલા ગ્રાહકોને કચેરીના બંધ બારણેથી પાછા ફરવું પડ્યું હતું. ખાસ કરીને સિનિયર સિટિઝન્સ જેઓ બિલના પ્રશ્નો માટે આવ્યા હતા, તેઓને આ કાળઝાળ ગરમીમાં ભારે હાલાકી ભોગવવી પડી હતી. ગ્રાહકોનો આક્ષેપ છે કે, જો ઓફિસ બંધ રાખવાની હતી તો સોશિયલ મીડિયા કે ન્યૂઝ પેપર દ્વારા જાણ કેમ ન કરાઈ ? શું જનતાના સમયની કોઈ કિંમત નથી ? આ અંધેર વહીવટ અંગે જ્યારે જવાબદાર અધિકારી જીગ્નેશ ગોહિલ સાથે ટેલિફોનિક વાતચીત કરવામાં આવી, ત્યારે તેઓએ આશ્ચર્યજનક બચાવ કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં કામનું ભારણ ખૂબ વધારે હતું, જેને કારણે રજાના દિવસોમાં પણ સ્ટાફે કામગીરી કરી હતી. તંત્રએ પોતાનો પક્ષ રાખતા વધુમાં ઉમેર્યું હતું કે, મુખ્ય કચેરી ભલે બંધ હોય પરંતુ શહેરની તમામ વોર્ડ ઓફિસોમાં કામગીરી ચાલુ રાખવામાં આવી છે. ગ્રાહકો પોતાની વોર્ડ ઓફિસમાં જઈ બિલ ભરી શકે છે. નવા જોડાણ માટેના ફોર્મનું વિતરણ પણ વોર્ડ ઓફિસ ખાતે ઉપલબ્ધ છે.

સવારના ૭થી ૧૦ વાગ્યા અને સાંજના પથી ૬.30 વાગ્યાનો સમયગાળો બાઇકચાલકો માટે પિકઅવર્સ

# ગંભીરા બ્રિજ ઉપરથી ચોવીસ કલાકમાં 15 હજાર બાઈક પસાર થયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટના બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા બન્ને જિલ્લાને ફરી જોડવા માટે કવાયત હાથ ધરવામાં આવી હતી અને જૂના પૂલના તૂટેલા ભાગ ઉપર લોખંડનું માળખું બેસાડી દ્વિચક્રી વાહનો, રાહદારીઓ માટે સુવિધા કરવા તાબડતોબ કામ હાથ ધરવામાં આવ્યું હતું.

વિશ્વકર્મા એન્જિનિયરિંગના સહયોગથી તૂટેલા ભાગને જોડવા માટે તાત્કાલીક લોખંડનું લાંબુ માળખું તૈયાર કરી તેની ઉપર બેસાડવામાં આવ્યું છે. માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનરે શ્રી અક્ષય જોશીએ જણાવ્યું કે, લોડ ટેસ્ટિંગ સહિતની નિયત પ્રક્રીયાઓ અનુસરી આ બ્રિજ



દ્વિચક્રી વાહનો અને રાહદારીઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. સલામતી માટે લેવાયેલા પગલાંની વિગતો આપતા શ્રી જોશીએ જણાવ્યું કે, બ્રિજ ઉપર બંને છેડે તથા સ્ટીલ બ્રિજના બંને છેડે બેરીકેટિંગ મારીને વધુ વિર્ધનું વાહન પસાર ન થાય એ બાબતની વ્યવસ્થા કરાઈ છે. બ્રિજના બંને છેડે તથા બ્રિજ ઉપર સીસીટીવી થકી મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. બંને છેડે પોલીસ હોમગાર્ડ તથા સિક્યુરિટી તૈનાત કરવામાં આવી છે. બ્રિજ પર સેફટી માટે બંને બાજુ ક્રેશ બેરિયર તથા રોડ સેફટી બોર્ડ તથા લેન ડિવાઈડ માટે સ્પ્રિંગ પોસ્ટ ઉભા કરાયા છે. આ ઉપરાંત કલેકટરના જાહેરનામા અન્વયે બ્રિજની બંને બાજુ તથા બ્રિજના કનેક્ટિંગ રોડ પર માત્ર ટુ-વ્હીલર જ પસાર થઈ શકે એવા સૂચક બોર્ડ મૂકવામાં આવ્યા છે. હાલ ચાલુ ટ્રાફિકમાં મોનિટરિંગ કરવા માટે જરૂરી ડિફ્લેક્શન ટેસ્ટીંગ અને વાઈબ્રેશન ટેસ્ટીંગ સતત ચાલુ છે. જેનાથી હાલ બ્રિજની સ્થિતિ અંગેની રિપોર્ટિંગ અને માહિતી રિયલ ટાઈમમાં મેળવી શકાશે. તા. ૨થી તા. ૩ સુધીમાં ટ્રાફિક સેન્સસ કરવામાં આવ્યુ છે. જેના ડેટા રસપ્રદ છે.

# "મંચ 3.0" સ્પેશયલી એબલ્ડ બાળકો માટે આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતાનો રંગીન ઉત્સવ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરા ખાતે બિલિયન લાઈવ્સ ફાઉન્ડેશન દ્વારા અર્પણ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી "મંચ 3.0" નામનો અનોખો ફેશન શો યોજાયો, જે ન્યુરોડાયવર્સ બાળકો અને તેમના માતા-પિતાને સમર્પિત રહ્યો. કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાવેશ, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરવાનો હતો.



કાર્યક્રમની શરૂઆત મહેમાનોના હાર્દિક સ્વાગત અને દીપ પ્રજ્વલનથી થઈ, જે નવી આશા અને સકારાત્મકતાનું પ્રતિક બન્યું. મહેમાનોને પર્યાવરણમિત્ર ગિફ્ટ હેમ્પર આપીને સન્માનિત કરવામાં આવ્યા.

ફેશન શોનો મુખ્ય આકર્ષણ પાંચ તત્વો–પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ–પર આધારિત રેમ્પ વોક રહ્યો, જેમાં બાળકો અને તેમના માતા-પિતાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને દર્શકોની પ્રશંસા મેળવી. બાળકોને પ્રમાણપત્ર અને ભેટો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા, જ્યારે સહયોગીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા.

બેસ્ટ રેમ્પ વોક પેર અને બેસ્ટ એલિમેન્ટ પ્રેઝન્ટેશન જેવી કેટેગરીમાં પુરસ્કારો આપવામાં આવ્યા. કિન્નરી હરિયાણી અને મીરા સિંહે આવા મંચોની સમાજમાં જરૂરીયાત પર ભાર મૂકતા બાળકોના આત્મવિશ્વાસની પ્રશંસા કરી. "મંચ 3.0" ખરેખર વિવિધતા, પ્રતિભા અને સ્વીકારનો સુંદર ઉત્સવ સાબિત થયો.

ભરૂચના ખેડૂતોનો પાવરગ્રીડ પ્રોજેક્ટ સામે વિરોધ

# યોગ્ય વળતર ન મળતાં કલેકટરને આવેદનપત્ર, ઉગ્ર આંદોલનની ચેતવણી

(પ્રતિનિધિ) ભરૂચ, તા.4

ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકા સહિતના વિવિધ ગામોના ખેડૂતોએ પાવરગ્રીડ ટ્રાન્સમિશન લાઈન પ્રોજેક્ટના વિરોધમાં કલેકટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ખેડૂતોનો આક્ષેપ છે કે તેમની ખેતીની જમીનમાં પ્રોજેક્ટ માટે કામગીરી શરૂ કરવામાં આવી રહી છે, પરંતુ તેના બદલામાં યોગ્ય વળતર આપવામાં આવતું નથી. અંકલેશ્વર અને હાંસોટ વિસ્તારના ખેડૂતોએ જિલ્લા કલેકટરને રજૂ કરેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે જિલ્લા પ્રશાસન આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય અને જાહેર હિત માટે જરૂરી ગણાવી રહ્યું છે. જોકે ખેડૂતોનું કહેવું છે કે વિકાસના નામે તેમના હકોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. તેઓ સ્પષ્ટ કરે છે કે તેઓ



વિકાસના વિરોધી નથી, પરંતુ યોગ્ય અને ન્યાયપૂર્ણ વળતર વિના જમીન આપવી સ્વીકાર્ય નથી.

ખેડૂતોએ કમર્શિયલ જંત્રી મુજબ સંપૂર્ણ વળતર આપવા, માર્કેટ રેટ કમિટીની રચના કરવા અને તેમાં ખેડૂત પ્રતિનિધિઓને સામેલ કરવા સહિતની માંગણીઓ રજૂ કરી છે. ઉપરાંત, કંપનીએ સીધી જવાબદારી સ્વીકારીને વળતર ચૂકવવું જોઈએ અને બળજબરીથી જમીનમાં પ્રવેશ બંધ કરવો જોઈએ તેવી માંગ પણ ઉઠાવવામાં આવી છે.

આરોપીઓ પાસેથી રૂ.10.33 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

# વડોદરા ગ્રામ્યમાં હાઈબ્રીડ ગાંજાનો પર્દાફાશ ANTFની સફળ કાર્યવાહી, 3 આરોપી ઝડપાયા

નશીલા પદાર્થોના વેપાર પર રોક લગાવવામાં મહત્વપૂર્ણ પગલું લેવાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરા ગ્રામ્યના ડભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF), સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા ગેરકાયદેસર હાઈબ્રીડ ગાંજાના વેચાણ વિરુદ્ધ સફળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, ૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ વડોદરાના કુન્ડેલા રોડ, મોસમપુરા ગામ પાસે ખાનગી બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.



આ કાર્યવાહી દરમિયાન ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓ પાસેથી કુલ ૨૬૭ ગ્રામ હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક ત્રણેય આરોપીઓને સ્થળ પરથી જ ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં દિનેશભાઈ રામજીભાઈ ઠાકોર, નિરવ અરવિંદભાઈ પરમાર અને રાજ કાલીડાસ ઓંગણીયાનો સમાવેશ થાય છે, જ્યારે એક આરોપી આસીફ હાલ ફરાર હોવાનું જાણવા મળ્યુ છે,પોલીસ દ્વારા આરોપીઓ પાસેથી ગાંજા ઉપરાંત મોબાઈલ ફોન, ટુ-વ્હીલર, રોકડ રકમ સહિત કુલ અંદાજિત રૂ. ૧૦.૩૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ મામલે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ડભોઈ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે.

આ સફળ કામગીરી ANTF વડોદરા ઝોનની સતર્કતા અને કામગીરીને દર્શાવે છે, જેના કારણે ગેરકાયદેસર નશીલા પદાર્થોના વેપાર પર રોક લગાવવામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

ક્રિકેટ રમી પરત ફરતા યુવક સાથે 'બાઈક કેમ અથાડી ?' તેમ કહી સાત શખ્સોએ આચર્યું પાશવી કૃત્ય

# ડભોઈના પૂડામાં દલિત યુવકને રસ્તામાં આંતરી ઢોર માર માર્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.4

પૂડા ગામના દલિત સમાજનો આશાસ્પદ યુવક હાર્દિક વિનોદભાઈ ગત 1લી એપ્રિલના રોજ સાંજના સમયે પોતાના મિત્ર સાથે ક્રિકેટ રમીને પરત ફરી રહ્યો હતો. રમતનો આનંદ માણી ઘરે પરત ફરી રહેલા આ યુવકોને ક્યાં ખબર હતી કે રસ્તામાં કાળ તેમનો રસ્તો રોકીને ઉભો છે. ગામના પાટણવાડિયા સમાજના કેટલાક શખ્સોએ હાર્દિકની બાઈક આંતરી હતી. અમારી સાથે બાઈક કેમ અથાડી ? તેમ કહી બોલાચાલી શરૂ કરી હતી.



પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, મામલો માત્ર ગાળાગાળી સુધી મર્યાદિત રહ્યો નહોતો. ઉશ્કેરાયેલા હુમલાખોરોએ હાર્દિકને પકડી લીધો હતો અને તેને દોરડા વડે બાંધી દીધો હતો. લાચાર યુવક કરગરતો રહ્યો, પણ હુમલાખોરોએ માનવતા નેવે મૂકીને લોખંડની પાઈપો અને લાતોથી તેના પર હુમલો ચાલુ રાખ્યો હતો. જ્ઞાતિસૂચક અપશબ્દો બોલીને યુવકને માનસિક અને શારીરિક રીતે તોડી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ ગંભીર ઘટનાની જાણ થતા જ દલિત સમાજના આગેવાનો ઉમટી પડ્યા હતા. હાર્દિકને ઈજાગ્રસ્ત હાલતમાં ડભોઈની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ડભોઈ પોલીસે મોડી રાત્રે પીડિત યુવકની ફરિયાદના આધારે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે પૂડા ગામના અર્પણ પાટણવાડિયા, અપ્લેશ પાટણવાડિયા, અમન પાટણવાડિયા, ગીરીશ પાટણવાડિયા, ત્રિભોવનભાઈ પાટણવાડિયા, હરેશ પાટણવાડિયા અને એક મહિલા સહિત કુલ 7 શખ્સો સામે ગુનો નોંધી તેમની શોધખોળ તેજ કરી છે. આ બનાવને પગલે પૂડા ગામમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ જોવા મળી રહી છે.

# પ્રતાપનગર - ડભોઈ - મિયાગામ કરજણ વચ્ચે ડેમૂ ટ્રેન સેવા શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ બમુજબ, આ ડેમૂ સર્વિસ પોતાની નિયમિત સેવામાં પ્રતાપનગરથી મિયાગામ કરજણ વચ્ચે વાયા ડભોઈ સંચાલિત થશે. જે પોતાની નિયમિત સેવારૂપે 5 એપ્રિલ, 2026 થી સપ્તાહમાં 6 દિવસ (શનિવાર સિવાય) આ ડેમૂ ટ્રેન પ્રતાપનગર અને મિયાગામ કરજણ વચ્ચે સંચાલિત થશે. ટ્રેન નંબર 79462 પ્રતાપનગર - મિયાગામ કરજણ ડેમૂ પ્રતાપનગરથી સવારે 11:00 કલાકે પ્રસ્થાન કરી બપોરે 12:50 કલાકે કરજણ પહોંચશે. પરતમાં ટ્રેન નંબર 79461 મિયાગામ કરજણ - પ્રતાપનગર ડેમૂ

ટ્રેન નં. 79440
કઠાણા - પ્રતાપનગર સ્ટેશન ટ્રેન નં. 79439
પ્રતાપનગર - કઠાણા

| Arr. | Dep. | | Arr. | Dep. |
|---|---|---|---|---|
| 09:50 | -- | પ્રતાપનગર | -- | 16:35 |
| 09:23 | 09:25 | વડોદરા | 16:53 | 16:55 |
| 09:00 | 09:01 | બાજવા | 17:09 | 17:10 |
| 05:15 | કઠાણા | 21:00 | | |

મિયાગામ કરજણથી 14:30 કલાકે પ્રસ્થાન કરી 16:20 કલાકે પ્રતાપનગર પહોંચશે. આ ડેમૂ ટ્રેન બંને દિશાઓમાં કુંડેલા, ડભોઈ, કાવ્યારોહણ સ્ટેશનો પર રોકાશે. જે પોતાની નિયમિત સેવામાં નીચે આપેલ સમયપત્રક મુજબ ચાલશે. આમ ટ્રેનોના સમયમાં ફેરફાર થયો હોવાથી યાત્રિકોએ નોંધ લેવા પણ જણાવાયુ છે જેથી હાલાકી વેઠવાનો વારો ના આવે.

MGVCL ના શટડાઉનને પગલે પાલિકાનો નિર્ણય

# વડોદરામાં આજે ગાજરાવાડી અને પાણીગેટ વિસ્તારમાં પાણી વિતરણના સમયમાં ફેરફાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.4

ગાજરાવાડી અને પાણીગેટ ટાંકી ખાતેથી જે વિસ્તારોમાં સામાન્ય દિવસોમાં સવારે 06:00 થી 08:30 વાગ્યા દરમિયાન પાણી આપવામાં આવે છે, ત્યાં રવિવારે વહેલી સવારે પાણી વિતરણ પૂર્ણ કરી દેવામાં આવશે.

પાણી વિતરણનો નવો સમય અને અસરગ્રસ્ત વિસ્તારો... સવારે 04:10 થી 05:00 વાગ્યા સુધી. આ સમયગાળા દરમિયાન શહેર વાડી વિસ્તાર, ગાજરાવાડી, ચોખંડી, ગોયાગેટ, લાડવાડા, પાણીગેટ થી માંડવી સુધીનો વિસ્તાર, મેમણ કોલોની, આજવા રોડ મહાવીર ચાર રસ્તા સુધીનો ભાગ, અમન સોસાયટી તેમજ પાણીગેટ ટાંકીની પાછળના વિસ્તારો જેવા કે કોટયાર્ક નગર, ગોવિંદરાવ પાર્ક, બાવચાવાડ અને જુની વોર્ડ-9 ઓફિસ વિસ્તારમાં પાણી અપાશે.

સવારે 05:00 થી 05:50 વાગ્યા સુધી. બરાનપુરા, આર.વી. દેસાઈ રોડ, બાબાજીપુરા, ગંગોત્રી એપાર્ટમેન્ટ, પ્રતાપ નગર, એમ.જી.રોડ થી પથ્થરગેટ તરફનો વિસ્તાર, ઘડીયાળી પોળ અને બરાનપુરા થી માર્કેટ ચાર રસ્તા સુધીના વિસ્તારોમાં પાણીનું વિતરણ કરવામાં આવશે. પાલિકા દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે કે, MGVCL નું શટડાઉન પૂર્ણ થયા બાદ ગાજરાવાડી ટાંકીથી સાંજના સમયે આપવામાં આવતું પાણી તમામ ઝોનમાં કાપ સાથે અથવા હળવા દબાણથી આપવામાં આવશે. વીજ પુરવઠો ખોરવાને કારણે ટાંકીઓ રિફિલ કરવામાં મુશ્કેલી પડતી હોવાથી આ સ્થિતિ સર્જાશે. શહેરના આ વિસ્તારોના રહિશોને રવિવારના દિવસે પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અને પાલિકાના વહીવટી તંત્રને સહકાર આપવા માટે વિનંતી કરવામાં આવી છે. આમ પાણી વિતરણના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાની દરેક નાગરિકે નોંધ લેવા પણ જણાવાયુ છે.